# સિવિલમાં ચાર-ચાર દિવસે બદલાતી દર્દીની ચાદરો..!

## સિવિલના ચોપડે તો રોજ ચાદરો બદલાય છે ને ધોવાય છે પણ ખરી..?

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. યોજનાનો લાભ રાજયના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે રાત-દિવસ અધિકારીઓ મહેનત કરી રહ્યા છે. ત્યારે પાટનગરની સિવિલમાં જ આરોગ્યની સેવાઓ કથળી રહી છે. મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજ અવનવી સમસ્યાઓ સામે આવી રહી છે. જયાં બિમાર દર્દીઓ સ્વસ્થ થવા માટે આવે છે, ત્યાં જ દર્દીઓ વધુ બિમારીમાં સપડાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે સિવિલમાં દર્દીઓની ચાદર સમયાંતરે બદલાતી નથી તેમજ ગમે તેવી ચાદરોમાં દર્દીઓને



સુવાનો વારો આવે છે. ત્યારે સ્ટાફ દ્વારા પણ ચાદરો ઘરેથી લઈને આવતા હોય તો તેવા કટાક્ષ ભર્યા વાક્યો દર્દીઓને સાંભળવા મળે છે.

ગાંધીનગર સિવિલમાં એડમીટ થતા દર્દીઓને બેડ તો ફાળવવામાં આવે છે પરંતુ બેડ પરની ચાદર બદલવામાં આવતી નથી. ગંદી તેમજ ગોબરી ચાદરમાં દર્દથી કણસતા દર્દીઓને સુવાનો વારો આવે છે. કોઈ દર્દીના સગા વારંવાર ચાદર બદલવાનું કહે તો ના છુટકે સ્ટાફ દ્વારા બદલી દેવામાં આવે છે. ત્યારે ચાદરો તો સિવિલના ચોપડે રોજ ધોવાય છે અને રોજ બદલાય છે તો પછી દર્દીઓના બેડ પર ચાર-ચાર દિવસે કેમ ચાદરો બદલાય છે તે કોઈને સમજાતું નથી. ચાદરો ના બદલાતા દર્દીઓના સગાઓ વહીવટી તંત્ર સુધી ફરિયાદ લઈને જાય છે. ત્યારે અધિકારીઓના ફોન ગયા બાદ તુરંત જ દર્દીઓના બેડની ચાદર બદલાઈ જાય છે. તો ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલ દર્દીઓને તો ના છુટકે જે ચાદર પડી હોય તેમાં જ સુવાનો વારો આવે છે. ત્યારે સિવિલમાં ગરીબ દર્દીઓની ચાદરો રોજ બદલાય તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.



રાજભવનમાં યોજાયેલા પુસ્તક વિમોચન સમારોહમાં રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પરમાત્માનંદજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લિખિત અને પ્રેરિત ત્રણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતુ. રાજ્યપાલે 'મનકી બાત' માં વણાયેલા વિવિધ વિષયો યુવાનોને પ્રેરણા આપશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એ 'એક્ઝામ વોરિયર્સ' પુસ્તકથી પરીક્ષા અંગેના મંત્રો થકી સ્ટ્રેસ ઓછો કરી શકાશે. પરમાત્માનંદજીએ નરેન્દ્રભાઈ એમના લેખન દ્વારા રાષ્ટ્ર ઘડતરનુ કામ કરે છે. બ્લ્યુ ક્રાફટના હિતેશ જૈને નરેન્દ્રભાઈના એક્ઝામ વોરિયર્સ વિશે. સાહિત્યકાર ભાગ્યેશ જહાએ મનકી બાત વિશે અને વરૂણ માયરાએ ચિંતન શિબિર વિશે વકતવ્ય આપ્યા હતા. જ્યારે નવજીવનના વિવેકદેસાઈ એ આભારવિધિ કરી હતી.

# જિલ્લા આપત્તી વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા ૧૬મીએ ધરતીકંપ અંગેની મોકડ્રીલનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

જિલ્લા આપત્તી વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા ધરતીકંપ અંગેની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. જે રાષ્ટ્રીય આપત્તી વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા અને ગુજરાત રાજય આપત્તી વ્યવસ્થાપન સત્તામંડળ તેમ જ અત્રેના સંયુકત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યુંછે. તા. ૧૫મી માર્ચ ૨૦૧૮ના રોજ જિલ્લાના પ્રમુખ અધિકારીઓ જેવા કે પોલીસ, સશસ્ત્રદળો, એન.ડી.આર.એફ., એસ.ડી.આર.એફ. અને એન.જી.ઓ. આ સાથે વિડીયો કોન્ફરન્સ યોજાનાર છે. ભૂકંપની પરિસ્થિતિમાં ઉભો થતો સિનારીઓ તથા આ સમય દરમ્યાન ઉભા થતાં અત્યંત ખરાબ સંજોગોમાં જરૂરી સંશાધનો, પુરા પડવાની "ટેબલ ટોપ" એકસરસાઈઝ દ્વારા આ સિનારીઓ ઉભો કરવામાં આવશે અને આવી જરૂરી પરિસ્થિતને પહોંચી વળવા માટે જરૂરી સંશાધનો અંગેની માહિતી પૂરી પડવામાં આવશે. તા. ૧૬મી માર્ચના રોજ સવારે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ બચાવની કામગીરી સાથે સંકળાયેલ એજન્સીઓના પ્રતિક્રિયા કેટલા સમયમાં આવે છે તે અંગેની કસોટી પણ કરવામાં આવશે. ત્યારબાદ જિલ્લા કલેકટરશ્રી સતીશ પટેલની અધ્યક્ષતામાં આવા આપત્તિજનક સંજોગોમાં બચાવ કામગીરીમાં કયા કયા અને કેવા સુધારા લાવી શકાય તે અંગેનું માર્ગદર્શન પુરૂ પડવામાં આવશે.

# ઉનાળાના પ્રારંભે જ વાવોલમાં વિજ ધાંધીયા

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજયમાં જયોતિ ગ્રામ યોજના હેઠળ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કલાક લાઈટ આપવાની સુફીયાણી વાતો સરકાર દ્વારા કરવામાં આવે છે. ત્યારે હજુ પણ રાજયના કેટલાક શહેરોમાં તેમજ ગામડાઓમાં લાઈટો ડુલ થવાની સમસ્યા યથાવત રહેવા પામી છે. જયારે ઉનાળાના પ્રારંભે જ પાટનગરના પાદરે આવેલ વાવોલ ગામમાં સવાર-સાંજ લાઈટો બંધ થઈ જવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે અંદાજીત ૨૫ હજારની વસ્તી ધરાવતા વાવોલમાં માત્ર એક જ વાયરમેન હોવાથી લાઈટો શરુ થતા કલાકો સુધી રાહ જોવાનો વારો વસાહતીઓને આવે છે.

ઉનાળામાં કાળઝાળ ગરમીમાં નાગરીકો રીતસરના શેકાઈ જાય છે. ગરમીમાં રાહત મેળવવા માટે નાગરીકો રોજ નવા નુસખા અપનાવે છે, આકાશમાંથી અગનગોળા વરસતા બપોર થતા જ નાગરીકો ઘર બંધ કરીને એસી, કુલરો, તેમજ પંખા ચાલુ કરી દે છે. જેથી સામાન્ય દિવસો કરતા ઉનાળાના દિવસોમાં વિજ વપરાશ વધી જાય છે. વાવોલમાં અનેક નવી સોસાયટીઓ, ફલેટ નિર્માણ પામ્યા છે. ગામ કરતા સોસાયટીના રહીશોની સંખ્યા વધી જવા પામે છે. ત્યારે વીજ વપરાશમાં વધુ પડતા બોજાને કારણે લાઈટો ડુલ થઈ જવા પામે છે. ગુડા તંત્ર દ્વારા નવા રીંગરોડ બનાવવાની શરુઆત કરી છે. જીઈબી તંત્રએ રીંગરોડને આધારીત વીજપોલ ઉભા કરવાના હોય તેના સ્થાને વચોવચ વિજપોલ ઉભા કરી કનડગત કરવાનું શરુ કર્યું છે. સ્થાનિક નાગરીકો દ્વારા વીજપોલ બદલાવવા માટે જીઈબીમાં અરજીઓ કરવી પડે છે. ત્યારે જીબીઈવાળા પૈસા ભરો પછી વીજપોલ બદલાશે તેવી ચિમકી આપી રહ્યા છે. તો ઘણા વસાહતીઓએ પૈસા ભર્યા હોવા છતા હજુ સુધી વીજપોલ બદલાયા નથી તેવા દાખલા પણ છે. વાવોલમાં ૨૫ હજારની વસ્તીમાં ૫ વાયરમેન હોવા જોઈએ તેના સ્થાને માત્ર ૧ જ વાયરમેન ફરજ બજાવી રહ્યો છે ત્યારે વાવોલમાં જીઈબીનું તંત્ર ખાડે ગયું હોય તેવું સ્થાનિક નાગરીકોને લાગી રહ્યું છે. વીજ ધાંધીયાને લઈને જાગૃત નાગરીકોએ અનેકવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છતા હજુ સુધી યોગ્ય નિવેડો ગ્રામજનો તરફી આવ્યો નથી.

# ચિલોડા વિસ્તારમાં ખેડૂતો ખેતીકામમાં મશગુલ

ગાંધીનગર, તા. ૧૩

ઉનાળાનો પ્રારંભ ધીમે ધીમે થઈ રહ્યો છે. બપોરે ગરમીનો પારો વધી રહ્યો છે. ત્યારે ચિલોડા વિસ્તારમાં શિયાળુ પાકની વાવણી બાદ



ખેતીની લણણી અને વાવણીની કામગીરી પુરજોશમાં ખેડૂતો વ્યસ્ત બન્યા છે. માર્ચ મહિનામાં બટાકા અને ભીંડા શાકભાજીની સીઝન પુરજોશમાં ચાલી રહી છે. ચિલોડા ઈસનપુર મોટા મગોડી શિવપુરા કંપા જેવા ગામોમાં શિયાળુ સીનમાં બટાકાનું વાવેતર વધુ પ્રમાણમાં થવા પામ્યુ છે. હવે બટાટા કાઢવાની કામગીરી ખેતરોમાં ખેડૂતો ટ્રેક્ટર સામગ્રી દ્વારા તથા વીણવાની કામગીરીમાં જોડાયા છે. ચાલુ સાલે પોખરાજ, બાદશાહ, એલ.આર., પેપ્સી-૫ વગેરે જાતોની પસંદગી કરી વાવેતર કર્યુ હતુ. હવે ખેડૂતો ટ્રેક્ટરથી બટાકા કાઢવા મથામણ કરી રહ્યા છે. ત્યારે બટાકા વીણવામાં મજૂરોની અછતથી ચિંતાનો પ્રશ્ન બન્યો છે. ઉનાળુ ભીંડાની શાકભાજીનું વાવેતર તરફ ખેડૂતો આકર્ષાયા છે. ત્યારે મજૂરોનો પ્રશ્ન વિકટ બન્યો છે. આ ઉપરાંત પશુપાલકો પશુઓ માટે ઘાસચારાની માંગને પહોંચી વળવા જુવારનું વાવેતર તરફ વધુ ઝોક આપી રહ્યા છે. બટાકાની ખરીદ-વેચાણ કરવામાં ખેડૂતો સોદા પ્રમાણે વેપાર આરંભી દીધો છે. આ સાથે હાલમાં ચિલોડા, દહેગામ કોલ્ડ સ્ટોરેજમાં બટાકાનો સંગ્રહ કરવા તત્પર બન્યા છે. જ્યારે પંજાબ રાજ્યમાંથી બટાકાનું બિયારણ માટે મોટાપાયે કન્ટેનરોનું આગમન થઈ રહ્યું છે. એકબાજુ બટાકા કાઢવા, સંગ્રહ કરવો, વેચાણ કરવુ અને બિયારણનું આગમન થતા ખેડૂતોમાં ચિંતા જન્મી રહી છે.

# ગાંધીનગરના દિશાંત શાહ ૬૦૦ કિમી સાયકલ રાઈડ પૂર્ણ કરી બન્યા 'સુપર રેન્ડોનિયર'

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના યુવાન દિશાંત શાહે આંતરરાષ્ટ્રીય બીઆરએમ સાયકલ રાઈડની ૬૦૦ કિમીની ચોથી રાઈડ નિયત સમયમાં પૂર્ણ કરી શહેરના સૌપ્રથમ સુપર રેન્ડોનિયરનું ગૌરવ હાંસલ કર્યુ છે. દિશાંતે તેમની ચારેય સાયકલરાઈડ માત્ર પાંચ માસમાં જ પૂર્ણ કરી છે અને હવે તેઓ પેરિસ ખાતે યોજાનાર સુપર રેન્ડોનિયર્સની ૧ હજાર કિમીની સાયકલ રાઈડમાં ભાગ લેવા માટે ક્વૉલિફાય થયાં છે. દિશાંતે ૬૦૦ કિમીની સાયકલ રાઈડ ૨૮ કલાક અને ૧૧ મિનિટમાં પૂર્ણ કરી હતી.

દિશાંત શાહે ગત નવેમ્બર માસથી ઑડેક્સ ઈન્ડિયન રેન્ડોનિયર્સ અંતર્ગત સુપર રેન્ડોનિયર્સ બનવા માટેની સાયકલ રાઈડ શ્રેણીની પ્રથમ રાઈડ જે ૨૦૦ કિમીની હતી તેમાં ભાગ લીધો હતો. આ રાઈડ પૂર્ણ કર્યા પછી નવેમ્બરમાં જ તેમણે ૩૦૦ કિમી પછી ડિસેમ્બરમાં ૪૦૦ કિમીની સાયકલ રાઈડ પૂર્ણ કરી લીધી હતી. ત્રણેય રાઈડ નિયત સમયમાં પૂર્ણ કર્યા પછી તેમણે ડિસેમ્બરમાં ૬૦૦ કિમીની રાઈડમાં જોડાયા હતા પરંતુ સંજોગોવસાત આ રાઈડ નિયત સમયમાં પૂર્ણ થઈ શકી નહોતી તેથી ફરીવાર તેમણે તા. ૧૦મી માર્ચે ૬૦૦ કિમીની સાયકલ રાઈડમાં ભાગ લીધો હતો. આખરે તા. ૧૧મી માર્ચે તેમણે ૩૩ કલાક અને ૪૫ મિનિટના સમયમાં સાયકલ રાઈડીંગ સમય ૨૮ કલાક અને ૧૧ મિનિટમાં પ્રાપ્ત કરી સફળતાપૂર્વક તેમની રાઈડ પૂર્ણ કરી હતી. તેમની સાથે આ રાઈડમાં ૨૩ જેટલા સાયક્લિસ્ટ હતા જે તમામે આ રાઈડ દરમ્યાન એક ઝોકુ ખાવા જેટલી પણ ઊંઘ લીધી નહોતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સુપર રેન્ડોનિયર્સ એ ફ્રાન્સની ઑડેકસી ક્લબ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે આયોજિત કરાતી બ્રેવેટ્સ-દે-રેન્ડોનિયર્સ મૌન્ડ્યુક્સ સાક્લિંગ ઈવેન્ટ છે. આ સ્પર્ધાના તમામ સ્ટેજ પૂર્ણ કરનારને સુપર રેન્ડોનિયરનો ખિતાબ પ્રાપ્ત થાય છે. સ્પર્ધાના પ્રથમ ચાર સ્ટેજ પોતાના દેશમાં જ યોજાય છે અને છેલ્લી ૧ હજાર કિમીની સ્પર્ધા પેરિસ ખાતે યોજાય છે. દિશાંત શાહ ગાંધીનગરમાં પિતાના સાયકલ વેચાણ બીઝનેસ વિપુલ સાયકલ સ્ટોર્સ સાથે જ કાર્યરત છે. અને ૧ વર્ષથી જ સાયક્લિંગ કરી રહ્યાં છે. તેમની આ સિદ્ધિ શહેરના યુવા સાહસિકો માટે પ્રેરણારૂપ બનશે તેવુ જણાઈ રહ્યું છે.

"અમારો પોતાનો સાયકલ સ્ટોર્સ છે પરંતુ મને મારા મિત્રોના કારણે સાયકલ સવારી કરવાનું ઘેલું લાગ્યું હતુ. મારી તમામ રાઈડ ખૂબ જ રોમાચંક રહી હતી અને છેલ્લી રાઈડ દરમ્યાન દિવસે ખૂબ ગરમી તથા રાત્રે ખૂબ ઠંડી જેવા બેવડા વાતાવરણનો સામનો કરવો પડ્યો હતો. દિવસે છ થી ૭ વાર પાણી માટે બ્રેક લેવો પડતો હતો પરંતુ અંતે તે પૂર્ણ થતા હું આનંદ અનુભવી રહ્યો છુ."

**- દિશાંત શાહ**

### ૬૦૦ કિમીની રાઈડમાં ૫૬ ઓવરબ્રીજ ઓળંગ્યા

દિશાંતે તેની ૬૦૦ કિમીની રાઈડ સુરતથી પ્રારંભ કરી અમદાવાદ થઈને પરત સુરત સુધીની કરી હતી જેમાં તેમણે ૫૬ ઓવરબ્રીજ ક્રોસ કરવા સાથે કુલ ૫૦૪૨ મીટરની રાઈડ ચઢાણ-ઉતરાણ સાથેની કરી હતી. આ રાઈડ દરમ્યાન તેમણે ૧૨૦૪૮ કેલેરી બર્ન કરી હતી. તેમણે પ્રથમ રાઈડ ૨૦૦ કિમીની ૧૦:૦૩ કલાકમાં, બીજી ૩૦૦ કિમીની રાઈડ ૧૫:૦૯ કલાકમાં અને તૃતીય ૪૦૦ કિમીની રાઈડ ૨૧:૧૮ કલાકમાં પૂર્ણ કરી હતી.




# સરકારી ભરતીની જાહેરાતોની અનિયમિતતા સામે ઉંમર પૂર્ણતાના આરે બેઠેલા ઉમેદવારો નારાજ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકારની વર્ગ-૩ની વિવિધ ભરતીઓની જાહેરાતોની અનિયમિતતા સામે ભરતી લાયકાત મુજબની ઉંમર પૂર્ણતાના આરે આવેલા ઉમેદવારોએ ભારે આક્રોશ સાથે ભરતી અંગેની જાહેરાતો કરવા સરકારને રજૂઆત કરી છે.

રાજ્ય સરકારમાં દર વર્ષે મોટી સંખ્યામાં ફરજ પરના કર્મચારીઓ નિવૃત્ત થઈ રહ્યા છે. પરિણામે રાજ્ય વહીવટીતંત્રમાં કર્મચારીઓની મોટી ઘટ વર્તાઈ રહી છે તેમ છતાં રાજ્ય સરકાર ભરતી અંગે મગનુ નામ મરી પાડવા તૈયાર નથી. આથી લાયકાત મુજબની ઉંમર પૂર્ણ કરનાર ઉમેદવાર ભરતીની જાહેરાતને લઈ નિરાશ થઈ ગયા છે. છેલ્લા એક વર્ષથી સરકારી ભરતીઓની કોઈ મોટી ભરતીની જાહેરાત ન થતા યુવાનો પરેશાન થઈ ગયા છે અને સરકારને વારંવાર ભરતીઓ કરવા રજુઆત કરી રહ્યા છે. પરંતુ સરકાર કોઈ ભરતીઓ કરવાના મુડમાં નથી અને યુવાઓ સરકારની આ બેવડી નીતિ સમજી નથી શકતા. પરિણામે આક્રોશ સાથે સરકાર સત્વરે ખાલી જગ્યાઓ ભરવા જાહેરાત કરે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

# શહેર વસાહત મહામંડળ પક્ષી પરબોનું નિઃશુલ્ક વિતરણ કરશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં કાયમી વસવાટ કરતી પક્ષી વસ્તીને ગરમીના દિવસોમાં તૃષા તૃપ્ત કરવાની પવિત્ર ફરજ અદા કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા દશકાથી પક્ષી પરબ વિના મૂલ્યે જેઓ પક્ષીઓની તરસ છીપાવવાની ફરજ અદા કરવા તત્પર હોય તેવા નાગરિકોને પક્ષી પરબ વિના મુલ્યે પુરા પાડવાનું આયોજન કરવામાં આવે છે. આજ પર્યંત ૧૧૦૦૦ પક્ષી પરબ વિના મૂલ્યે વિતરણ કરી વિહંગોની તૃષા તૃપ્ત કરેલ છે. આમ પણ આ સેવામાં જોડાવવા આહવાહન કરી વિનંતી કરવામાં આવે છે. વસાહત મહામંડળના સેવાભાવિ સેવકોને ત્યાંથી પક્ષી પરબ મેળવી મહામંડળની સેવામાં યોગદાન આપવા અનુરોધ કરાયો છે.

પક્ષી પરબ મેળવવા માટે ● અરુણ બુચ-અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૨૨૦, સે-૨૦ ● મયુર વ્યાસ પ્લોટ નં. ૧૨૬૦, સે-૭-ડી ● શશીકાંતભાઈ મોઢા સે-૪-એ પ્લોટનં. ૪૪૮/૧ ● નિલેન્દુ વોરા સે-૫-એ પ્લોટનં. ૪૪૫/૧ ● જયેશભાઈ ધ્રુ, સે-૫-એ ● સુધીર દેસાઈ સે-૨૩, ૫૫૮, શ્રીધર એપાર્ટમેન્ટ ● નિસર્ગ બુચ-મયુર એપાર્ટમેન્ટ સે-૨૮ ● સુનિલભાઈ શાહ કે-૧૧૬, ગ્રીનસીટી વસાહત સે-૨૬ ● કિશોર જીકાદરા ૧૪૨ સર્વોદયનગર સોસાયટી, સે-૩૦ તથા ● પ્રદિપ સોલંકી ૨૦૨, જય યોગેશ્વર કોમ્પ્લેક્ષ, કુડાસણ પાટીયાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# એકઝામ વોરિયર્સના ગુજરાતી સંસ્કરણનો લોકાર્પણ સંપન્ન

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીએ રાજભવન ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'મન કી બાત', 'એકઝામ વોરિયર્સ' પુસ્તકોના ગુજરાતી સંસ્કરણોનું વિમોચન કર્યું હતું.

તેમણે વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચિંતન શિબિરના અભિનવ પ્રયોગમાં આપેલા વકતવ્યોના સંકલન 'ચિંતન શિબિર'નું પણ લોકાર્પણ આ અવસરે કર્યું હતું.

રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે આ ત્રણેય પુસ્તકો સાહિત્યને વધુ સમૃધ્ધ બનાવનાર પુસ્તકો છે. વિશેષરૂપથી ગુજરાતી સાહિત્ય સમૃધ્ધ થશે. સારાં પુસ્તકો હંમેશા સમાજ જીવનમાં માર્ગદર્શક બને છે અને વ્યકિતગત જીવનમાં પણ આચાર-વિચાર ઉપર પણ ઊંડો પ્રભાવ ઊભો કરે છે.

તેમણે જણાવ્યું હતું કે ચરિત્ર નિર્માણ વ્યકિત વિકાસની સાચી પરિભાષા છે જે આ પુસ્તકો થકી પ્રતિબંબિત થાય છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી લિખિત "એકઝામ વોરિયર્સ"-ગુજરાતી સંસ્કરણ વિદ્યાર્થીઓને પરીક્ષાના ભયથી મુકત બનાવવા માટેનો અકસીર મંત્ર છે. પ્રત્યેક વિદ્યાર્થીઓને પરીક્ષાને ખેલ ભાવનાથી સ્વીકારવાની શીખ આપે છે. આ પુસ્તક ભયને દૂર કરવા અને આત્મવિશ્વાસને વધારવા માટે પ્રેરિત કરે છે.

રાજ્યપાલશ્રીએ 'મન કી બાત' પુસ્તક વિષે જણાવ્યું હતુ કે વડાપ્રધાનશ્રીએ "મન કી બાત" રેડિયો કાર્યક્રમના માધ્યમથી દેશના લોકો સાથે અને ખાસ કરીને યુવાનો સાથે સીધો સંવાદ પ્રસ્થાપિત કર્યો છે. આ કાર્યક્રમથી તેમણે સમાજ શ્રેયના તથા રાષ્ટ્રની ઉન્નતિના તેમના મનનીય વિચારો વ્યકત કર્યા છે. જે જનજાગૃતિની સાથે સાથે સમાજોન્નતિની સૌને પ્રેરણા પૂરી પાડી છે.

શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે "ચિંતન શિબિર"ની વિભાવના પ્રશાસક અધિકારીઓ અને રાજનીતિજ્ઞની સાથે સીધો સંવાદ રચવાની અને રાજ્યના વિકાસ માટે જે શ્રેષ્ઠ છે તે અંગે નવા વિચારોનું મંથન કરવાની છે. આ




ચિંતન શિબિરોમાં વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આપેલા પ્રવચનોમાં વિકાસના મૌલિક માર્ગો તલાશવામાં આવ્યા છે અને નવા નવા કાર્યક્રમ-યોજનાઓ આકાર પામી છે જે દ્વારા રાજ્યના વિકાસમાં સિધ્ધિઓ હાંસલ કરાઈ છે.

રાજ્યપાલશ્રીએ "મન કી બાત" અને "એકઝામ વોરિયર્સ"ના ગુજરાતી સંસ્કરણો અને "ચિંતન શિબિર"ના લેખકો અને અનુવાદકોને આ પ્રશંસનીય કાર્ય માટે ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અગાઉના શાસનોમાં જે વ્યવસ્થાઓ પ્રશ્નો આધારિત હતી તે ઈતિહાસ બદલીને જનહિત આધારિત વિકાસની નવી પરિભાષા આપી છે.

પ્રધાનમંત્રીશ્રીએ વિકાસમાં સામૂહિકતા, ઈન્સ્ટીટયૂશનલાઈઝડ સિસ્ટમ ઊભી કરી છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

પ્રધાનમંત્રીશ્રીના મન કી બાત, એકઝામ વોરિયર્સના ગુજરાતી સંસ્કરણ તેમજ વહિવટી પ્રજાભિમુખતાના પેરામિટર્સ સમી ચિંતન શિબિરમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના વકતવ્યો-ચિંતન કણીકાઓના સંપૂટના રાજ્યપાલશ્રીના હસ્તે વિમોચન પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સંબોધન કરી રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, શ્રી નરેન્દ્રભાઈએ પોતાની લીડર તરીકેની વિશેષતાઓ નહિં, પણ વ્યકિતત્વની આગવી વિશેષતાઓ મન કી બાત દ્વારા ઝળકાવી છે. તેમણે આ ત્રણેય પુસ્તકો ગુજરાતના યુવાનો અને સમાજજીવનને ચિંતન કણિકાનું આજીવન ભાથું પુરું પાડશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત સ્વામી શ્રી પરમાત્માનંદજીએ આશીર્વચન પાઠવતાં સર્વગ્રાહી વિકાસ પ્રક્રિયામાં રાષ્ટ્રના વિકાસ સાથે નાગરિકોના ચારિત્ર્ય ઘડતરનો-જીવન મૂલ્યોના વિકાસનો આ સેવાયજ્ઞ પ્રધાનમંત્રીએ મન કી બાત, એકઝામ વોરિયર્સ અને ચિંતન શિબિરની ચિંતન કણીકાઓથી જનસામાન્યને પૂરો પાડયો છે તેની પ્રસન્નતા વ્યકત કરી હતી.

તેમણે નીતિ ઘડતરમાં લોકોના સીધા પાર્ટીશીપેશનથી ભાવિ પેઢી માટે પણ નવિન આશા કિરણ આ પુસ્તકો જગાવશે તેવી અભિલાષા વ્યકત કરી હતી.

પ્રારંભમાં પુસ્તકના સંકલનકર્તાઓ શ્રી ભાગ્યેશ જહા, (મન કી બાત), શ્રી હિતેશ જૈન (એકઝામ વોરિયર્સ) અને શ્રી વરૂણ માયરાએ (ચિંતન શિબિર) પુસ્તકોના પ્રકાશનની પ્રેરણા અને સમાજજીવનમાં ઉપયોગીતા અંગે પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા.

આ ગૌરવશાળી સમારોહમાં પ્રતિષ્ઠિત લેખકો-સાહિત્યકારો, મન કી બાત કલબના યુવા મિત્રો, વિદ્યાર્થીઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.


## કાયદા વિભાગની ગાડીની જાહેર હરાજી

કાયદા વિભાગ, બ્લોક નં. ૪/૧, સરદાર ભવન, ગાંધીનગર હસ્તકની નીચે જણાવેલ ગાડી તા. ૩/૪/૨૦૧૮ના રોજ ૧૫-૦૦ કલાકે હરાજીથી વેચવાની છે.

| ક્રમ | મોડેલ | ગાડી નંબર | મોડેલ વર્ષ | નક્કી થયેલ અપસેટ કિંમત |
|---|---|---|---|---|
| ૧ | ટાટા સુમો | જીજે-૧૮-જી ૧૯૬૮ | ૨૦૦૫ | રૂ. ૪૫,૦૦૦/- |

- આ ગાડીની હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૭૫૦૦/- 'ડીપોઝીટ' કાયદા વિભાગની રોકડ શાખામાં રોકડેથી તા. ૩/૪/૨૦૧૮ના રોજ ૧૩-૦૦ વાગ્યા સુધીમાં અચૂક ભરવાની રહેશે.
- ગાડી સરદાર ભવન પાર્કીંગમાં છે. જે કામકાજના દિવસે જોઈ શકાશે અને યથાસ્થિતિમાં તેની હરાજી થશે.
- હરાજી અંગેની વધારાની અન્ય શરતો કાયદા વિભાગની વેબસાઈટ **http://gujlegal.gov.in** પર જોઈ શકાશે.
- વધુ માહિતી માટે કાયદા વિભાગની મહેકમ શાખા (ફ-શાખા)નો સંપર્ક કરવો. (ફોન: ૦૭૯-૨૩૨૫૦૯૩૩)

**સહી/-**
**(જી.એમ. કટારા)**
**સેક્શન અધિકારી**
**કાયદા વિભાગ**

**માહિતી/૨૯૨૪/૧૭-૧૮**